For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### નિયમિત ટેક્સ ભરવા છતાં તંત્રની ઘોર બેદરકારી સામે જનઆક્રોશ

# પાણી માટે વલખા : ૯ મહિનાની વેદના પછી મહિલાઓનો વિસ્ફોટ, વોર્ડ કચેરીએ માટલાં ફોડ્યાં

**વિશ્વકર્મા** નગર, શાંતિ નગર સહિત ૬ વિસ્તારોમાં દૂષિત પાણીથી બાળકોના સ્વાસ્થ્ય સામે ખતરો

(પ્રતિનિધિ) વડોદર ત.5

સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે વડોદરા શહેરના વોર્ડ નંબર 16ના અનેક વિસ્તારોમાં પીવાના દૂષિત પાણીની સમસ્યાથી કંટાળેલી મહિલાઓએ આજે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. મહિલાઓનું ટોળું વોર્ડની વહીવટી કચેરીએ પહોંચી તંત્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા બાદ કચેરી બહાર માટલા ફોડી રોષ વ્યક્ત કર્યો હતો.

માહિતી મુજબ વિશ્વકર્મા નગર, શાંતિનગર, ગણેશનગર, શિવનગર, હીરાબા નગર અને પંચમુખી નગર વિસ્તારમાં છેલ્લા 8થી 9 મહિનાથી ગંદા અને દુર્ગંધયુક્ત પાણીની સમસ્યા યથાવત છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર નળમાં આવતું પાણી પીવા કે ઘરગથ્થુ ઉપયોગ માટે પણ યોગ્ય રહેતું નથી. દૂષિત પાણીના કારણે ખાસ કરીને નાના બાળકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર થવાની ભીતિ ઉભી થઈ છે.

મહિલાઓએ આક્ષેપ કર્યો હતો કે તેઓ નિયમિત રીતે કોર્પોરેશનના તમામ કર ચૂકવે છે, છતાં શુદ્ધ પીવાના પાણી જેવી મૂળભૂત સુવિધા મળતી નથી. સમસ્યાના નિરાકરણ માટે અગાઉ અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી.

વારંવારની રજૂઆતો છતાં સમસ્યાનો ઉકેલ ન આવતા મહિલાઓએ માટલા ફોડી વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમણે ચેતવણી આપી હતી કે જો આગામી દિવસોમાં દૂષિત પાણીની સમસ્યાનું કાયમી નિરાકરણ નહીં આવે તો વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.



### સ્થાયી સમિતિની પ્રથમ બેઠકમાં 10માંથી 9 દરખાસ્તોને લીલીઝંડી

# ઈલેક્ટ્રિક બસ સેવા અને એડવાન્સ ટેક્સ રિબેટ યોજનાને મંજૂરી

**સ્વ. ધારાસભ્ય** યોગેશ પટેલને શ્રદ્ધાંજલિ અપાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા મહાનગરપાલિકાના નવા બોર્ડ હેઠળ રચાયેલી સ્થાયી સમિતિની પ્રથમ અને મહત્વપૂર્ણ બેઠક શુક્રવારે પાલિકાની મુખ્ય કચેરી ખાતે યોજાઈ હતી. બેઠકની શરૂઆત પહેલાં તાજેતરમાં અવસાન પામેલા વડોદરાના વરિષ્ઠ ધારાસભ્ય સ્વ. યોગેશ પટેલને બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

પ્રથમ બેઠકમાં શહેરના વિકાસ અને નાગરિક સુવિધાઓને વેગ આપવા માટે વિવિધ વિભાગોની કુલ 10 દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી. તેમાં ઓડિટ, સામાન્ય વહીવટ, આરોગ્ય, મિકેનિકલ તેમજ પાર્ક્સ એન્ડ ગાર્ડન વિભાગના વિકાસલક્ષી કાર્યોનો સમાવેશ થતો હતો. સમિતિએ તમામ દરખાસ્તોની ખર્ચ, ટેન્ડર પ્રક્રિયા અને અમલીકરણ સહિતની બાબતોની ઝીણવટપૂર્વક સમીક્ષા કરી હતી.

બેઠકમાં શહેર અને વુડા વિસ્તાર માટે સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV) હેઠળ નવી ઈલેક્ટ્રિક બસ સેવા શરૂ કરવાની મહત્વપૂર્ણ દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હતી. મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટે વિશેષ બેઠકોની વ્યવસ્થા સાથે આ સેવા ટૂંક સમયમાં એક સપ્તાહના ટ્રાયલ ધોરણે શરૂ કરાશે. આ ઉપરાંત, કરદાતાઓને પ્રોત્સાહન આપવા માટે 'એડવાન્સ વેરા પ્રોત્સાહક વળતર યોજના'ને પણ મંજૂરી આપવામાં આવી છે. યોજના હેઠળ એડવાન્સમાં પ્રોપર્ટી ટેક્સ ભરનારા રહેણાંક મિલકતધારકોને 10 ટકા અને બિન-રહેણાંક મિલકતધારકોને 5 ટકા રિબેટનો લાભ મળશે. બેઠકના અંતે રજૂ થયેલી 10 દરખાસ્તોમાંથી 9ને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી, જ્યારે એક દરખાસ્તને ટેકનિકલ કારણોસર હાલ સ્થગિત રાખવામાં આવી છે.

# સ્વ.યોગેશ કાકાના અસ્થિ નર્મદા નદીમાં વિસર્જન કરાયા



(પ્રતિનિધિ ) વડોદરા તા.5

શહેર વડોદરાના માંજલપુર વિધાનસભા ક્ષેત્રના લોકપ્રિય ધારાસભ્ય, વરિષ્ઠ રાજકીય આગેવાન તથા પ્રખર શિવભક્ત સ્વ. યોગેશભાઈ પટેલનું ટૂંકી માંદગી બાદ અવસાન થતાં સમગ્ર વડોદરા શહેર સહિત રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

ગતરોજ તા.04-06-26 ને ગુરુવાર તેમના પાર્થિવ દેહને વડોદરાના ખાસવાડી સ્મશાનગૃહ ખાતે વૈદિક વિધિ અનુસાર અગ્નિદાહ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં શિવભક્તો, રાજકીય આગેવાનો, સંતો-મહંતો, સમાજના અગ્રણીઓ તથા શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સહિત અનેક મહાનુભાવોએ હાજરી આપી સ્વ. યોગેશભાઈ પટેલને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

શુક્રવારે તેમના પરિવારજનો દ્વારા દક્ષિણ પ્રયાગ તીર્થ ચાંદોદ સ્થિત પવિત્ર ત્રિવેણી સંગમ ખાતે અસ્થિપૂજન વિદ્વાન બ્રાહ્મણોના મંત્રોચ્ચાર વચ્ચે વિધિ સંપન્ન કરવામાં આવી હતી. ત્યારબાદ નર્મદા નદીના પવિત્ર જળમાં સ્વ. યોગેશભાઈ પટેલની અસ્થિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

અસ્થિ વિસર્જન પ્રસંગે પરિવારજનો તેમજ ચાંદોદ ના વિવિધ આગેવાનો ભૂદેવો એ દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. સ્વ. યોગેશભાઈ પટેલે જાહેરજીવનમાં આપેલા યોગદાનને ઉપસ્થિત લોકોએ ભાવપૂર્વક યાદ કર્યું હતું.

### દિલ્હીની હોટલમાં સર્જાયેલી આગની ઘટના બાદ તંત્ર એલર્ટ

# વડોદરામાં ફાયર વિભાગનું મેગા ચેકિંગ નિયમભંગ બદલ ૬૭૮ ઈમારતોને નોટિસ

**400થી** વધુ હોટલ-રેસ્ટોરન્ટમાં ફાયર સેફ્ટીની ખામીઓ મળી; પાર્કિંગમાં ગેરકાયદે બેન્કવેટ હોલ અને ઓફિસો ઝડપાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.5

દિલ્હીમાં તાજેતરમાં હોટલમાં સર્જાયેલી આગની દુર્ઘટના બાદ વડોદરા મહાનગરપાલિકાનું ફાયર વિભાગ એક્શન મોડમાં આવ્યું છે. શહેરના નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી હોટલો, રેસ્ટોરન્ટો, બેન્કવેટ હોલ અને કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં ફાયર સેફ્ટી સુવિધાઓનું સઘન ચેકિંગ હાથ ધરાયું છે.

ફાયર વિભાગની વિવિધ ટીમોએ વાઘોડિયા રોડ હાઈવે પર આવેલી ટક્સ ગેલેક્સી સહિત શહેરના અનેક વિસ્તારોમાં આકસ્મિક તપાસ કરી હતી. તપાસ દરમિયાન 400થી વધુ હોટલ અને રેસ્ટોરન્ટમાં ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન થતું હોવાનું સામે આવ્યું છે. અનેક બહુમાળી ઈમારતોમાં ગંભીર ફાયર સેફ્ટી ક્ષતિઓ જોવા મળી હતી. ઉપરાંત, પાર્કિંગ માટે અનામત જગ્યાઓમાં ગેરકાયદે રીતે બેન્કવેટ હોલ અને ઓફિસો ઉભી કરવામાં આવી હોવાના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવ્યા છે.

ફાયર અધિકારીઓએ ખાસ કરીને હોટલ અને રેસ્ટોરન્ટના કિચન વિભાગની ઝીણવટભરી તપાસ કરી હતી. કિચનમાં આગ નિયંત્રણની વ્યવસ્થા, ફાયર ફાઈટિંગ સિસ્ટમ, અગ્નિશામક સિલિન્ડરની સ્થિતિ તેમજ ઈમરજન્સી સુવિધાઓ કાર્યરત છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવી હતી.

વડોદરા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસના ફાયર ઓફિસર એચ.આર. મહેશ્વરીએ જણાવ્યું હતું કે ચાલુ વર્ષ દરમિયાન ફાયર સેફ્ટી નિયમોનું ઉલ્લંઘન કરતી 678 ઈમારતો અને મિલકતોને કાયદેસરની નોટિસ આપવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે ઘણી જગ્યાએ ફિક્સ ફાયર પ્રોટેક્શન સિસ્ટમ બંધ હાલતમાં મળી હતી, મોટર પંપ કાર્યરત ન હતા અને અગ્નિશામક સિલિન્ડરો સમયસર રિફિલ કરાયા ન હતા. આવી બેદરકારી આગ જેવી કટોકટી દરમિયાન ગંભીર જોખમ ઊભું કરી શકે છે. નોટિસ અપાયેલા એકમોને જરૂરી સુધારા કરવા સૂચના આપવામાં આવી છે. સમયમર્યાદામાં ખામીઓ દૂર નહીં કરવામાં આવે તો સીલિંગ સહિતની કડક કાર્યવાહી કરવામાં આવશે.

# રોકાણના નામે રૂ.૧ કરોડની ઠગાઈ કરનાર આરોપીના જામીન રદ

**વધુ** નફાની લાલચ આપી ઠગે રૂપિયા વિવિધ બેંકમાં ટ્રાન્સફર કરાવડાવ્યા હતા

**આરોપીને** જામીન પર મુક્ત થશે તો પુરાવા સાથે ચેડાં કરશે તેવી આશંકાને લઈ દલીલો કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 5

હરણી વિસ્તારમાં રહેતા અને ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GACL)ના નિવૃત્ત એડિશનલ જનરલ મેનેજર રાકેશભાઈ દિનેશકાંત દેસાઈ સાથે શેરબજારમાં રોકાણ કરાવી ઊંચા નફાની લાલચ આપીને રૂ.1 કરોડથી વધુની સાયબર ઠગાઈ કરવાના કેસમાં સંડોવાયેલા આરોપી યાસીરખાન હિયાતખાન પઠાણની જામીન અરજી વડોદરાની એડિશનલ સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે.

ફરિયાદ મુજબ નવેમ્બર 2025થી જાન્યુઆરી 2026 દરમિયાન અજાણ્યા શખ્સોએ વોટ્સએપ ગ્રુપ મારફતે રાકેશભાઈનો સંપર્ક કરી પોતાને રોકાણ નિષ્ણાત તરીકે રજૂ કર્યા હતા. વિશ્વાસ જીતવા માટે SEBI રજિસ્ટર્ડ હોવાના બનાવટી દસ્તાવેજો મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ ફરિયાદીને વિવિધ બેંક ખાતાઓમાં કુલ રૂ.1,00,10,000 ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. શરૂઆતમાં રૂ.10 હજારનો નફો પરત આપી વિશ્વાસ કેળવવામાં આવ્યો હતો, પરંતુ બાદમાં રોકાણની રકમ ઉપાડવાની મંજૂરી આપવામાં આવી નહોતી.

પોલીસે કોર્ટમાં રજૂઆત કરી હતી કે આરોપીનું નામ ફ્રોડ માટે ઉપયોગમાં લેવાયેલા બેંક ખાતા સાથે જોડાયેલું છે. તપાસમાં જાણવા મળ્યું છે કે સંબંધિત એક્સિસ બેંક ખાતા સામે ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોમાં પણ 24 ફરિયાદો નોંધાઈ છે. ત્રણ મહિનામાં આ ખાતામાં રૂ.1.57 કરોડથી વધુના વ્યવહારો થયા હોવાનું સામે આવ્યું છે. તપાસ ચાલુ હોવાથી અને આરોપી પુરાવા સાથે ચેડાં કરી શકે તેવી શક્યતા ધ્યાનમાં રાખી કોર્ટે તેની જામીન અરજી ફગાવી દીધી હતી.

### પાણીના પોકાર વચ્ચે હજારો લીટર શુદ્ધ પાણી ગટરમાં વહી ગયું

# અલકાપુરીમાં મુખ્ય પાણીની લાઈન તૂટી: ઉનાળામાં ચોમાસા જેવા દૃશ્યો

(પ્રતિનિધિ) વડોદરા ત.5

શહેરના પોશ ગણાતા અલકાપુરી વિસ્તારમાં પીવાના પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાતા હજારો લીટર શુદ્ધ પાણી રસ્તાઓ પર વહી ગયું હતું. ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે બનેલી આ ઘટનાથી રસ્તાઓ પર ચોમાસા જેવા દ્રશ્યો સર્જાયા હતા અને સ્થાનિકોમાં મહાનગરપાલિકા સામે ભારે રોષ જોવા મળ્યો હતો.



માહિતી અનુસાર અલકાપુરીના મુખ્ય માર્ગ પરથી પસાર થતી પાણીની લાઈનમાં વહેલી સવારે અચાનક લીકેજ સર્જાયું હતું. લાઈન તૂટતા પાણી ફુવારાની જેમ ઉછળીને રસ્તાઓ પર ફરી વળ્યું હતું. જોતજોતામાં આસપાસના માર્ગો પાણીથી છલકાઈ ગયા હતા અને મોટી માત્રામાં પીવાલાયક પાણી ગટરોમાં વહી ગયું હતું. રસ્તા પર પાણી ભરાઈ જતાં વાહનચાલકોને અવરજવર કરવામાં મુશ્કેલી પડી હતી તેમજ ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ હતી. એક તરફ શહેરના અનેક વિસ્તારોમાં ઓછા પ્રેશરથી પાણી મળવાની, દૂષિત પાણી આવવાની અને પાણીની અછતની ફરિયાદો ઉઠી રહી છે, ત્યારે બીજી તરફ તંત્રની બેદરકારીને કારણે કિંમતી પાણીનો વેડફાટ થતાં નાગરિકોમાં અસંતોષ ફેલાયો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ પાણીની લાઈનોના યોગ્ય જાળવણી અભાવે આવી ઘટનાઓ વારંવાર બનતી રહે છે. રહીશોએ તૂટેલી લાઈનનું તાત્કાલિક સમારકામ કરવા તેમજ ભવિષ્યમાં આવી સ્થિતિ ન સર્જાય તે માટે કડક અને અસરકારક પગલાં લેવા તંત્ર સમક્ષ માંગણી કરી છે.

# અમે ભણાવીએ કે વસ્તી ગણીએ? ખાનગી સ્કૂલના શિક્ષકોનો હલ્લાબોલ

**બિન-શૈક્ષણિક** કામગીરી સોંપાતા શિક્ષકોમાં ભારે રોષ

(પ્રતિનિધિ), વડોદરા. તા.5

શિક્ષણનું સ્તર સુધારવાની વાતો વચ્ચે ખાનગી શાળાના શિક્ષકોને ફરી એકવાર બિન-શૈક્ષણિક કામગીરીમાં જોતરવામાં આવતા વિવાદનો મધપૂડો છંછેડાયો છે. વસ્તી ગણતરીની કામગીરી સોંપવાના વિરોધમાં આજે વોર્ડ નંબર 10 ની કચેરી ખાતે ખાનગી સ્કૂલના શિક્ષકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. શિક્ષકોનો આક્રોશ ત્યારે બેવડાયો જ્યારે પોતાની રજૂઆત સાંભળવા માટે કચેરીના જવાબદાર અધિકારી જ હાજર ન મળ્યા.

શિક્ષકોએ આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, અમે ભણાવીએ કે ગણતરી કરીએ ? શાળામાં હવે થોડાક દિવસો પછી શૈક્ષણિક સત્ર ચાલુ થશે, ત્યારે નિયત સમય મુજબ સિલેબસ પૂરો કરવાનો હોય ત્યારે આવી અતિ કંટાળાજનક અને સમય માંગી લેતી કામગીરી સોંપાતા વિદ્યાર્થીઓના અભ્યાસ પર માઠી અસર પડશે. ખાનગી શાળાના સંચાલકો તરફથી પણ સમયસર સિલેબસ પૂરો કરવાનું દબાણ હોય છે, તેવામાં વસ્તી ગણતરીની કામગીરી કેવી રીતે કરવી તે મોટો સવાલ છે.

ખાનગી શાળાઓના શિક્ષકો પોતાની વાજબી રજૂઆત અને વિરોધ પત્ર આપવા માટે વોર્ડ નંબર 10 ની કચેરીએ પહોંચ્યા, ત્યારે ત્યાં કોઈ જવાબદાર વહીવટી અધિકારી હાજર નહોતા. કલાકો સુધી રાહ જોયા બાદ પણ અધિકારી ન ડોકાતા શિક્ષકોનો પારો સાતમા આસમાને પહોંચ્યો હતો. શિક્ષકોએ કચેરી પરિસરમાં જ સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા અને ચીમકી આપી હતી કે જ્યાં સુધી આ અન્યાયી નિર્ણય પાછો ખેંચવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ આ કામગીરીનો બહિષ્કાર કરશે.

### કારેલીબાગ ટ્રાફિક કચેરી ખાતે યુનિયન આગેવાનો સાથે બેઠક યોજાઈ

# રિક્ષા અને અને સ્કૂલ વાન ચાલકોને નિયમોનું પાલન કરવા તાકીદ કરાઈ

**વિદ્યાર્થીઓની** સુરક્ષામં જો ચૂક થશે તો કાયદાકીય પગલા લેવાશે



(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા શહેરમાં આગામી દિવસોમાં શાળાઓ શરૂ થવાને ધ્યાનમાં રાખી ટ્રાફિક વિભાગે રીક્ષા અને સ્કૂલ વાન ચાલકો માટે જાગૃતિ અભિયાન હાથ ધર્યું છે. કારેલીબાગ સ્થિત ટ્રાફિક કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં રીક્ષા તથા સ્કૂલ વાન યુનિયનના આગેવાનોને વાહન વ્યવહાર અને વિદ્યાર્થી સુરક્ષા સંબંધિત નિયમોની વિગતવાર સમજ આપવામાં આવી હતી.

કારેલીબાગ ટ્રાફિક ઓફિસ ખાતે પોલીસ કમિશ્નર અને અધિક પોલીસ કમિશ્નરના માર્ગદર્શન હેઠળ શુક્રવારે નાયબ પોલીસ કમિશ્નર (ટ્રાફિક શાખા-પૂર્વ)ની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. બેઠકમાં આરટીઓ ઈન્સ્પેક્ટર પી.પી. વાઘેલા, સેક્ટર પીઆઈ એચ.એમ. વાઘેલા તેમજ રીક્ષા અને સ્કૂલ વાન યુનિયનના આશરેઆગેવાનો જીવણભાઈ, બિલાલભાઈ સહિત 20 પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

બેઠક દરમિયાન શહેરમાં દોડતી રીક્ષાઓ દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન થાય તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ સ્કૂલ રીક્ષા અને વાન માટે સરકાર દ્વારા નિર્ધારિત સુરક્ષા નિયમોની વિસ્તૃત રીતે સમજ આપી તેનું ચુસ્તપણે પાલન કરવા ભાર મૂકવામાં આવ્યો હતો.

ટ્રાફિક વિભાગે આગેવાનોને પોતાના સભ્યોમાં જાગૃતિ ફેલાવી વિદ્યાર્થીઓની સલામતીને પ્રાથમિકતા આપવા અનુરોધ કર્યો હતો. આગામી શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલાં તમામ વાહનચાલકો નિયમોનું કડક પાલન કરે તે માટે વિશેષ અપીલ કરવામાં આવી હતી.

### વડોદરાવાસીઓને મળશે મોટી રાહત: કચેરીઓના ધક્કા બંધ

# હવે 'વ્હોટ્સએપ' પર જ મળશે પાલિકાની તમામ સેવાઓ !

**300 કરોડના** પ્રોપર્ટી ટેક્સની વસૂલાત ઝડપી બનાવવા માટે જીઆઈએસ બેઝ્ડ પ્રોપર્ટી ટેક્સ સિસ્ટમ અમલમાં મૂકાશે

**મેટા કંપની** સાથે સીધું જોડાણ કરી 'વ્હોટ્સએપ ચેટબોટ' સેવા શરૂ કરશે

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોની સુવિધામાં વધારો કરવા અને વહીવટી તંત્રને વધુ પારદર્શક બનાવવા માટે ટૂંક સમયમાં બે મહત્વપૂર્ણ ડિજિટલ સેવાઓ શરૂ કરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સ્માર્ટ સિટી મિશન અંતર્ગત નવા આવેલા ડાયરેક્ટર્સના સ્વાગત અને બ્રીફિંગ માટે યોજાયેલી બેઠક બાદ આ અંગેની સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી હતી. હાલમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળના મોટાભાગના કેપેક્સ પ્રોજેક્ટ્સ પૂર્ણ થઈ ચૂક્યા છે અને તેનું મેન્ટેનન્સ કાર્ય ચાલી રહ્યું છે, ત્યારે તંત્ર હવે સીધા નાગરિકો સાથે જોડાયેલી સેવાઓ વધુ ડિજિટલ બનાવવા તરફ આગળ વધી રહ્યું છે.

પાલિકા દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, વડોદરાના નાગરિકોને હાલ વિવિધ કામો માટે વોર્ડ ઑફિસ અથવા મુખ્ય કચેરી સુધી ધક્કા ખાવા પડે છે. તંત્ર દ્વારા અત્યારે પણ આશરે 42 જેટલી ઓનલાઈન સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે, પરંતુ ટોલ-ફ્રી નંબર કે ફરિયાદ નિવારણ પ્રક્રિયામાં નાગરિકોના સંતોષનું સ્તર વધારવાના આશયથી હવે સીધી 'વ્હોટ્સએપ ચેટબોટ' સેવા શરૂ કરવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા 'મેટા' કંપની સાથે સીધું જોડાણ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, જેથી સામાન્ય નાગરિક ઘરબેઠા જ પોતાના મોબાઈલથી ટેકનિકલ અને નાગરિક સેવાઓનો લાભ મેળવી શકશે અને વહીવટી પારદર્શિતા વધશે.




આ ઉપરાંત, કોર્પોરેશનની આવક વધારવા અને લાંબા સમયથી બાકી રહેલા આશરે 300 કરોડના પ્રોપર્ટી ટેક્સની વસૂલાત ઝડપી બનાવવા માટે જીઆઈએસ બેઝ્ડ પ્રોપર્ટી ટેક્સ સિસ્ટમ અમલમાં મૂકવામાં આવશે. આ ટેક્નોલોજીની મદદથી જે પણ મિલકતધારકોનો ટેક્સ બાકી હશે, તેમને સીધા મેસેજ એલર્ટ મોકલવામાં આવશે અને કોર્પોરેશનના આઈટી તેમજ આકારણી વિભાગ વચ્ચે પણ સીધું સંકલન સધાશે.

ભ વિષ્યમાં આ જીઆઈએસ સિ સ્ટમનો ઉપયોગ શહેરમાં રોડ રસ્તા, ડ્રેનેજ અને પાણીની લાઈનોના આયોજન માટે પણ કરવામાં આવશે, જેથી કામોનું ડુપ્લીકેશન અટકાવી શકાય, ડબલ બિલિંગની સમસ્યા નિવારી શકાય અને કામની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો લાવી શકાય. જોકે, આ નવીન પ્રોજેક્ટ્સ માટેનું ફંડિંગ વીએમસી પોતાના ભંડોળમાંથી કરશે કે અન્ય કોઈ સોર્સમાંથી, તે અંગેનો અંતિમ નિર્ણય લેવાનો હજુ બાકી છે. ઓવરઓલ આ આયોજનથી વડોદરાવાસીઓને સ્માર્ટ ગવર્નન્સનો સીધો લાભ મળશે.


## પ્રાર્થના સભા

અત્યંત દુ:ખ સાથે જણાવવાનું કે
અમારા પરિવારના મોભીશ્રી
**યોગેશ પટેલ**
(ધારાસભ્ય - માંજલપૂર)
તા. ૨/૬/૨૦૨૬ને મંગળવારના રોજ
દેવલોક પામ્યા છે.



**સ્વ.યોગેશ પટેલ**
સ્વ.તા.૦૨-૦૬-૨૦૨૬

સદ્‌ગતનું બેસણું : તા.૦૭/૦૬/૨૦૨૬ને રવિવાર
સાંજે : ૦૪:૦૦ થી ૦૭:૦૦ કલાકે
સ્થળ : નવલખી ગ્રાઉન્ડ, વડોદરા

લી.
ગં. સ્વ. સરોજબેન યોગેશભાઇ પટેલ
રાકેશ યોગેશભાઇ પટેલ (પુત્ર) — વિપ્રા રાકેશભાઇ પટેલ (પુત્રવધુ)
ચિરાગી રીતેશકુમાર રાવલ (પુત્રી) — રીતેશકુમાર કીશોરભાઇ રાવલ (જમાઇ)
અંગીરા જીગરકુમાર પટેલ (પુત્રી) — જીગરકુમાર ઘનશ્યામભાઇ પટેલ (જમાઇ)
રાહી, અંશ, કીયાન, સિયા
**સમસ્ત પટેલ પરિવાર**